# धेकार द्वात्रिंशिका।

न्यायविजयः।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मुनिश्रीन्यायविजयविरचिता

# दीक्षाधिकारद्वात्रिंशिका ।

वी सं. २४५९ ] धर्म सं. ११ [ वि. सं. १९८९

प्रति १०००

चैत्री पूर्णिमा

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશક—
શ્રીજૈનયુવકસંઘ
ઘડીયાળીપોળ, વડોદરા

ધી સૂર્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસમાં પટેલ
મુળચંદભાઇ ત્રિકમલાલે છાપી
ઠે. પાનકોરનાકા—અમદાવાદ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રચલિત દીક્ષા-પ્રકરણ પરત્વે કેટલુંક મારૂં લખાણ બહાર આવેલું છે. અને બૃહદ્ આકારમાં એક પુસ્તક બહાર પાડવા ઇચ્છા છે. દરમ્યાન આ બાબતને દ્વાત્રિંશિકાના ઢંગમાં મૂકવાનો શોખ થઇ આવતાં એની પૂર્ત્તિરૂપ આ સ્થૂલ, સાધારણ અને સંક્ષિપ્ત પ્રયત્ન ઉપસ્થિત થાય છે. મધ્યસ્થ દૃષ્ટિથી વંચાય અને વિચારાય એટલે બસ.

તા. ૧૦-૪-૧૯૩૩
ઘડીયાળીપોળ, વડોદરા

—લેખક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ॥ दीक्षाधिकारद्वात्रिंशिका ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( १ )

भवन्त्यवेषेऽपि महाव्रतानि
नयन्ति संसारपयोधिकूलम् ।
वेषान्वितत्वेऽप्यभवन्ति तानि
भवन्त्यधःपातपरम्परायै ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૧ )

'વેષ' વિના પણ મહાવ્રતો હોઇ શકે છે. અને સંસાર-સમુદ્રના કિનારે પહોંચાડે છે. 'વેષ' છતાંય મહાવ્રતો નથી હોતાં. અને એ સ્થિતિ અધોગતિમાં પડવા માટે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( २ )

व्रतं न 'वेषे' न 'रजोहृरे' वा
तदास्पदं जीवनमन्तरङ्गम् ।
प्रभोज्ज्वला जीवनबाह्यदेशेऽ-
प्युद्द्योतनं तस्य समातनोति ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૨ )

ચારિત્ર નથી 'વેષ'માં કે નથી 'રજોહરણ'-માં. એનું નિવાસસ્થાન તો અન્તરંગ જીવન છે. એની ઉજ્જવળ પ્રભા જીવનના બાહ્ય દેશમાં પણ પોતાનો ઉદ્દ્યોત પાથરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रजोहरो दीक्षितबाह्यलिङ्गं
तस्यास्ति बह्व्युत्तरदायितापि ।
स शोभते संयमसाधनेनाऽ-
न्यथाऽऽस्पदं हन्त ! विडम्बनायाः॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૩ )

રજોહરણ એ દીક્ષિતનું બાહ્ય લિંગ છે. તેની જવાબદારી પણ મ્હોટી છે. તે સંયમની સાધનાથી શોભે છે. અન્યથા તો વિડમ્બના-પાત્ર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ४ )

रजोहरः प्राणिदयाप्रयुक्त-
रजोपहाराय समस्ति सार्थः ।
शृण्वंस्ततः संयमबोधपाठा-
नन्तारजोपासितुमीश्वरः स्यात् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૪ )

રજોહરણ પ્રાણિદયાના પ્રયોજન સાથે રજને દૂર કરવામાં સાર્થક્ય ધરાવે છે. એને ધારણ કરનાર એમાંથી સંયમના બોધ-પાઠો સુણે (એ સ્મારકથી યાદ અપાતા પોતાના આદર્શને બરાબર ખ્યાલમાં રાખે) તો આન્તરિક રજને દૂર કરવામાં સમર્થ થાય. (આમ રજોહરણનું રજોહરણ-કર્મ સમજવા યોગ્ય છે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ५ )

सम्यक् प्रयोगे खलु साधनत्वं
स्यात् साधनं बाधनमन्यथा तु ।
रजोहरः सद्गतये सुयुक्तोऽ-
न्यथा भवारण्यपरिभ्रमाय ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૫ )

સાધનનું સાધનપણું તેનો બરાબર ઉપયોગ કરવામાં છે. અન્યથા સાધન બાધન થાય છે. રજોહરણનો યથાર્થ ઉપયોગ થાય તો તે સદ્ગતિ માટે છે. અન્યથા ભવભ્રમણ માટે થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ६ )

रजोहरस्यास्ति न दुर्लभत्वं

सुदुश्चरत्वं तु ततो व्रतानाम् ।

योग्यत्वमालोक्य परस्य तस्मात्

संन्यास-दीक्षां दद्तेऽनगारः ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૬ )

રજોહરણ દુર્લભ નથી. પણ તે ગ્રહણ કરી વ્રતનું પાલન કરવું એ બહુ દુષ્કર છે. એ જ કારણથી મુનિ દીક્ષાના ઉમેદવારની યોગ્યતા બરાબર તપાસીને પછી તેને દીક્ષા આપે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ७ )

चारित्रदीक्षाग्रहणाय पूर्वं
युक्तं तदर्हाभ्यसनं विधातुम् ।
श्रीवर्धमानेन हि बोधपाठः
स्वयं समाचर्य निदर्शितोऽयम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૭ )

સંન્યાસ-દીક્ષા અંગીકાર કરવા માટે અગાઉ એને અનુરૂપ અભ્યાસ કરવો યોગ્ય છે. **ભગવાન્ વર્ધમાને** પોતે આ પ્રમાણે આચરણ કર્યું છે. અને એમ કરી તેમણે જગતની આગળ આ બોધપાઠ મૂક્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ८ )

व्रताधिकारोचितजीवनस्य
लाभार्थमभ्यासविधानमाह- ।

श्री'धर्मबिन्दौ' हरिभद्रसूरिः
'पञ्चाशके' तु प्रतिमोपदेशम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૮ )

વ્રતાધિકારને ઉચિત જીવન બનાવવા સારુ હરિભદ્રસૂરિ 'ધર્મબિન્દુ'માં અભ્યાસ-વિધાનનું પ્રતિપાદન કરે છે. અને 'પંચાશક'માં તો પ્રતિમા-વહનનો ઉપદેશ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ९ )

भवस्वरूपस्य यथार्थबोधाद्

वैराग्यतो वास्तविकात् ततश्च ।

प्राज्याच्च मोक्षाधिगमाभिलाषात्

पुण्यात्मनो भागवतं व्रतं स्यात् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૯ )

સંસારસ્વરૂપનું બરાબર જ્ઞાન થવાથી, તેના પરથી વાસ્તવિક વૈરાગ્ય ઉપજવાથી અને મોક્ષ-લાભનો પ્રબળ અભિલાષ પ્રગટવાથી પુણ્યાત્માને **ભાગવત વ્રત પ્રાપ્ત થાય છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( १० )

इमां गिरं श्रीहरिभद्रसूरे-

र्विचारयन् ज्ञास्यति सुज्ञदृष्टिः- ।

मुग्धो भवेद् बालवया अबोधः

संगच्छते तेन न तस्य दीक्षा ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હરિભદ્રસૂરિની ઉપર્યુક્ત (ઉપરના શ્લોકમાં બતાવાયલી) વાણી પર વિચારદૃષ્ટિ ફેંકનાર સુજ્ઞ જન સમજી શકશે કે, બાલ વય અબોધ અને મુગ્ધ હોય, માટે ત્યાં દીક્ષા ન ઘટે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ११ )

भवस्वरूपं किमसाववेयाद् !

वैराग्यतत्त्वं च परिस्पृशेत् किम् !।

कस्तस्य मोक्षश्च धियामबुद्धे-

र्बालस्य बाल्यात् घटते न दीक्षा ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૧૧ )

એ (બાળક) સંસારસ્વરૂપ શું સમજે ! એને વૈરાગ્યતત્ત્વનો સ્પર્શ પણ ક્યાંથી હોય ! અને એ અબોધને મોક્ષની સમજ કેવી ! માટે બાળકને એની બાળ દશાજ દીક્ષાની મનાઇ સંભળાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( १२ )

भवाद् विरक्तोऽल्पकषाययोगः

श्राद्धोऽल्पहास्यादि-विनीत-धीरः।

अनिन्द्य आत्मार्पणभावनश्च

महामनाः प्रव्रजनार्हं उक्तः ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૧૨ )

જે સંસારથી વિરક્ત થયો હોય, જે શ્રદ્ધા-સમ્પન્ન, વિનીત અને ધીર હોય અને જેના ક્રોધાદિ કષાયો તથા હાસ્યાદિ અલ્પ હોય એવો આત્માર્પણપરાયણ, અનિન્દનીય મહામના દીક્ષાને યોગ્ય ગણ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अरे चतुर्थेऽपि महाऋषीणा-
मुद्द्योतिते सर्वविदां महोभिः ।
न श्रूयते बालकदीक्षितत्व-
मन्यत्र चित्राद् 'अतिमुक्त'कल्पात् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૧૩ )

અનન્તજ્ઞાની મહર્ષિઓના મહાન્ તેજ-પુંજથી ઉદ્દ્યોતમાન એવા ચોથા આરામાં પણ, ચોથા આરાનાં અસંખ્ય વર્ષોમાં પણ કોઇ એક આશ્ચર્યપાત્ર ' અતિમુક્તક ' જેવા સિવાય બાલ-દીક્ષા થયાની વાત શાસ્ત્ર ઉચ્ચારતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( १४ )

अनन्तविन्तीर्थकरादिकालेऽ-
प्यवाप्तदीक्षा अभवन्नबालाः ।
काले करालेऽत्र कलौ तु तर्हि
स्थानं कियद् बालकदीक्षणस्य ! ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૧૪ )

અનન્તજ્ઞાની તીર્થંકરાદિના સતયુગમાં પણ અબાલોએ જ દીક્ષા ગ્રહણ કરી છે. તો આ વિકરાલ કલિકાલના વખતમાં બાલદીક્ષાનું સ્થાન કેટલું !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( १८ )

वर्षाष्टकोल्लेखमुपेत्य केचिद्
बालं परिव्राजयितुं यतन्ते ।
स 'केवलं' वा नववर्षयोगेऽ-
पेक्ष्य क्वचिद् भावमहाव्रतं वा ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આઠ વર્ષનો 'ઉલ્લેખ' જોઇ કેટલાક બાલદીક્ષાના પ્રચારમાં રસ લે છે. પણ વસ્તુતઃ એ ઉલ્લેખ ક્વચિત્ નવ વર્ષની ઉમ્મરે થનાર 'કેવલજ્ઞાન'ની અપેક્ષાએ અથવા ક્વચિત્ ભાવ ચારિત્ર ફરસવાના હિસાબે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

महात्मनां वातिशयर्द्धिभाजां
तथाधिकारस्य निवेदनं तत् ।
अतो न युक्तः प्रभु 'वज्र'-'हेम-
चन्द्रा'दिकोदाहरणाश्रयोऽपि ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અથવા અતિશય ઋદ્ધિશાલી મહાત્માઓને, વિશિષ્ટ અધિકારસમ્પન્ન મહાપુરુષોને તેવો અધિકાર હોવાનું તે નિવેદન છે. માટેજ 'વજ્ર' કે 'હેમચન્દ્ર' વગેરેનાં ઉદાહરણોનો આશ્રય લેવો પણ યુક્ત નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( १७ )

निन्दास्पदं बालकदीक्षणं च

श्रीसिद्धसेनो मुनिरित्थमाह- ।

दीक्षाख्यकारां श्रमणा अशूका

बालान् निरुन्धन्ति बलात् प्रवेश्य ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૧૭ )

આચાર્ય 'સિદ્ધસેન' ( પ્રવચનસારોદ્ધાર-વૃત્તિમાં ) બાલદીક્ષાને આ પ્રમાણે નિન્દાસ્પદ બતાવે છે કે, 'શ્રમણો નિર્દય છે કે બાળકોને બલાત્કારે દીક્ષાના કારાવાસમાં નાંખી રૂંધે છે.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अप्येवमष्टाधिकहायनानां
प्रव्राजनं सम्प्रति बालकानाम्-।
निन्दास्पदं सिध्यदकार्यमस्ति
सन्तो न हि स्युः समयानपेक्षाः॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૧૮ )

એ પ્રમાણે (સિદ્ધસેનના કથન અનુસાર) આઠથી વધુ વર્ષના બાળકોને પણ દીક્ષિત કરવાનું નિન્દાસ્પદ સિદ્ધ થતું હોઈ અકર્ત્તવ્ય ઠરે છે. સન્તો સમયના અજાણ કે બેપરવાહ કેમ હોય ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( १९ )

बालोऽप्यबालो धियि कश्चिदेव
शय्यम्भववर्षैः सुतवद् व्रतार्हः ।
अबोध-मुग्धाः प्रकृतेर्हि बाला
न साम्प्रतं दीक्षणमीदृशानाम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૧૯ )

બાલ પણ બુદ્ધિથી અબાલ હોઇ વ્રતને યોગ્ય તો ચૌદપૂર્વધારી શય્યમ્ભવસૂરિના પુત્ર 'મનક'ની જેમ કોકજ હોય. અબોધ અને મુગ્ધતા એ બાળકની સાહજિક સ્થિતિ. એવાને દીક્ષિત કરવા વ્યાજબી નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उत्थानयोग्यं तपसाधनाय
  ब्रूते वयो मध्यममादिमाङ्गम् ।
विवेकबुद्धेः परिपाकयोगाद् ,
  बालस्तु दीक्षां सुतरामनर्हन् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૨૦ )

તપસાધન માટે ઉત્થાનયોગ્ય ઉમ્મર 'આચારાંગ'માં મધ્યમ વય બતાવી છે. કેમકે તે વયમાં વિવેકબુદ્ધિના પરિપાકનો અધિક સંભવ ત્યાં બતાવવામાં આવ્યો છે. ત્યારે બાળક તો સુતરાં દીક્ષાને અયોગ્ય ગણાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आ षोडशाद् बाल इति प्रघोषं
वृत्तौ तृतीये प्रथमेऽङ्ग आह ।
लोकेऽपि चोरीक्रियतेऽयमर्थो
दीक्षाप्रदानं स्थगयेत् ततोऽर्वाक्

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સોળ વર્ષ થવા સુધી બાળ છે એમ આચારાંગ'ની વૃત્તિમાં શીલાંકાચાર્ય અને સ્થાનાંગ'ની વૃત્તિમાં અભયદેવસૂરિ ઉલ્લેખ કરે છે. લોકમાં પણ "સોળે શાન" જેવી ઉક્તિ એજ વાતનું સમર્થન કરે છે. માટે સોળ વર્ષની વય થવા સુધી દીક્ષાદાન અટકવું જોઇએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( २२ )

अभ्यासकार्यं व्रतमारुरुक्षोः

पूर्वं व्रताद् भूरि विधेयमस्ति ।

अभ्यस्य चाऽऽषोडशवर्षभावात्

संस्कारिणः प्रव्रजनं शुभं स्यात् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૨૨ )

વ્રતગ્રહણના ઉમેદવારને વ્રત લેવા અગાઉ બહુ અભ્યાસ કરવાનો છે. ક્રમમાં ક્રમ સોળ વર્ષ થવા સુધી રીતસર અભ્યાસ કરી પછી સંસ્કારસમ્પન્ન બનેલ વ્યક્તિ દીક્ષા ગ્રહણ કરે તો તે શોભી ઉઠે, મંગલકારક બને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रारम्भकालः खलु शिक्षणस्य
सामान्यतोऽष्टाद्बवयः समस्ति ।
परिस्फुटं सूत्रकथासु चेदं
तावद्वया नार्हति दीक्षितत्वम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૨૩ )

આઠ વર્ષની ઉંમ્મર તો સામાન્ય રીતે શિક્ષણ ગ્રહણ કરવાનો પ્રારંભકાળ ગણાય. પ્રાચીન આગમોની કથાઓમાં પણ આ વાત સ્ફુટ છે. માટે તેટલી વયવાળો દીક્ષાને પાત્ર નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आद्यौ च मातापितरौ गुरू स्तौ
दीक्षापि तत्सम्मतिपूर्विका स्यात् ।
अमू अनापृच्छ्य महोपकारौ
सन्ताप्य वा दीक्षणमिष्यते न ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માતાપિતા એ મનુષ્યના પહેલા ગુરુ છે. દીક્ષા પણ તેમની સમ્મતિપૂર્વક થવી જોઇએ. એ મહાન્ ઉપકારી વડીલોની સમ્મતિ મેળવ્યા વગર અગર તેમને સન્તાપમાં નાંખી દીક્ષા ગ્રહણ કરવી ઇષ્ટ નથી. આપનારે પણ આપવી ઇષ્ટ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गुर्वाद्यनुज्ञेति च 'धर्मबिन्दु-'
ब्रूते विधिं सम्मतदीक्षणस्य ।
पित्रोर्विषण्णीकरणं व्रताय
प्रत्यूह आदाविति 'पञ्चसूत्र'म् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'ગુર્વાદિની અનુજ્ઞા લેવી' એમ 'ધર્મ-બિન્દુ'માં સમ્મત દીક્ષાનું વિધાન છે. વ્રત લેવા માટે માતાપિતાને દુઃખી કરવા, એમને સન્તાપમાં બળતા મૂકી વ્રત ગ્રહણ કરવું એ વ્રતના પ્રારંભ-માંજ, મૂળમાં જ અમંગલ વિઘ્નપાત છે એમ 'પંચસૂત્ર' કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( २६ )

द्वाविंशवर्षस्य विशारदस्य
विशुद्धभावस्य च 'रक्षित'स्य।
प्रव्राजनं छन्नतयेच्छतोऽपि
स्पष्टं श्रुतेऽकथ्यत शिष्यचौर्यम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૨૬ )

દીક્ષા અંગીકાર કરતાં 'રક્ષિત' બાવીશ વર્ષના છે, વિદ્વાન્ છે અને વિશુદ્ધભાવસમ્પન્ન છે. આવા યોગ્ય અને દીક્ષા માટે ઉત્કંઠિત યુવકને પણ સ્થાનાન્તરમાં લઇ જઇ છાને દીક્ષા આપવાથી એ દીક્ષાને શાસ્ત્રકારે સ્પષ્ટ શબ્દોમાં શિષ્યચોરી કહી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्रीरक्षितोदाहरणाश्रयेण
ये शिष्यनिष्फेटनमाचरन्ति ।
तान् पंचकल्पागमचूर्णिराह–
मूलाऽऽहतद्रूपम–मन्दधर्मान् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેઓ આર્ય રક્ષિતનું ઉદાહરણ લઇ શિષ્ય-નિષ્ફેટિકાનું કૃત્ય કરે છે, બાલ કે અબાલને નસાડી-ભગાડી ચોરીછુપીથી દીક્ષા આપે છે તેમને પંચકલ્પચૂર્ણિકાર ' મન્દધર્મી ' અને ' સડેલ વડ 'ની ઉપમાવાળા જાહેર કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

व्रतानुमत्यै पितरौ प्रबोध्या-
वुपायतो बुद्धिमतो मुमुक्षोः ।
नामू महान्तौ परिताप्य दीक्षा-
सम्पादनं तूचितमामनन्ति ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૨૮ )

ત્યાગના ઉમેદવાર ડાહ્યા માણસે વ્રત માટે સમ્મતિ સારુ પોતાના માતાપિતાને યોગ્ય ઉપાયોથી પ્રબોધવા જાઇએ. પણ એ મહાન્તોને સન્તાપમાં કકળતા મૂકી દીક્ષા ગ્રહણ કરવી એને શાસ્ત્રકાર ઠીક નથી ગણતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्थले स्थले सूत्र-कथासु माता-
पित्रोरनुज्ञामधिगम्य भव्याः— ।
गृह्णन्ति दीक्षां शुचिहर्षवर्षं
सूत्रे नचासम्मतदीक्षवृत्तम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૨૯ )

સૂત્ર-કથાઓમાં સ્થળે સ્થળે માતાપિતાની અનુજ્ઞા મેળવીને ભવ્ય જનો આનન્દી વાતાવરણ પ્રસરાવતા દીક્ષા અંગીકાર કરે છે. સૂત્રમાં અસમ્મત દીક્ષાની વર્ણના જ મળતી નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

न वीरनाथोऽप्यनुकम्पनार्थ-
मा जीवितं प्रव्रजति स्वपित्रोः ।
आपृच्छते चोचितविद् व्रताय
सम्बन्धिनो 'नन्दि'-'सुपार्श्व'मुख्यान् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન્ મહાવીર પણ પોતાના માતા-પિતાની અનુકમ્પા ખાતર તેમના જીવતાં સુધી દીક્ષા અંગીકાર કરતા નથી. અને એ પછી પણ એ ઉચિતજ્ઞ મહાનુભાવ દીક્ષા માટે પોતાના જ્યેષ્ઠ 'નન્દિવર્ધન' અને પોતાના કાકા 'સુપાર્શ્વ' વગેરે સંબન્ધીઓની રજા માંગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३१ )

संसारः परिवर्त्तते समयतो धर्मेऽपि संजायते
भूयिष्ठं परिवर्त्तनं समुचितं चावश्यकं
शोधनम् ।
कार्यं स्यात् परिवर्जनीयमितरत् कार्यं
च संयोगतो
लाभालाभविवेककर्मकुशलाऽनेकान्त-
दृष्टिः सताम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૩૧ )

સંસાર પરિવર્ત્તનશીલ છે. ધર્મમાં પણ સમયાનુસાર બહુ પરિવર્ત્તન થાય છે. સમયાનુસાર ઉચિત શોધન કે સંસ્કરણ આવશ્યક છે. સંયોગવશાત્ કરવા લાયક હોય તેને વર્જવું પડે છે અને ન કરવાનું હોય તે કરવું પડે છે. સજ્જનોની અનેકાન્તદૃષ્ટિ લાભાલાભવિવેકકર્મમાં કુશળ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दीक्षाभिधं परमपावनमात्मजीवनं
रागादिदोषपरिघातनमात्रकर्मकम् ।
संस्मृत्य साधुचरितैर्विशदा अयोग्यकं
दीक्षाप्रचारमपहाय जयन्तु साधवः॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૩૨ )

સાધુઓ, રાગાદિ દોષોનું વિદારણ એજ માત્ર જેનો વ્યવસાય છે એવું પરમ પવિત્ર દીક્ષાનામક આત્મજીવન યાદ કરી, અયોગ્ય દીક્ષાનું કામ મૂકી દઇ સાધુ ચરિતે શોભતા **જયવન્ત રહો!**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિચારનો વિકાસ એજ પ્રગતિનો પંથ !

જ્યાં વિચારનો વિકાસ નથી, કેવળ સાંપ્રદાયિક મતાંધતાજ પ્રવર્તી રહી છે ત્યાં કદી પ્રગતિ સંભવતી નથી. જૈન ધર્મનું સાચું સ્વરૂપ સાંપ્રદાયિકતાથી પર છે; સમાજ, રાષ્ટ્ર અને સમસ્ત જગતને એક સરખું ઉપકારક છે. આ વસ્તુ સ્પષ્ટ રીતે સમજાવતા ને સત્ય ધર્મની હાકલ કરતા મુનિશ્રી ન્યાયવિજયજીનાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિડર અને સચોટ ભાષણો એ દરેક જૈને પુનઃ પુનઃ પઠન કરવા લાયક છે. માટેજ

# મુંબઈનું ચતુર્માસ

એ નામથી મુંબાઇમાં અપાયેલાં પ્રાણપ્રેરક ભાષણોનો મ્હોટો સંગ્રહ સુન્દર દ્વિરંગી કળામય છપાઇ ને ઉંચા મજબૂત કાગળોમાં છપાઇને બહાર પડયો છે. કોઇ પણ જૈન આ પુસ્તક વાંચ્યા વિના ન રહે. મૂલ્ય રૂા. એ. પો. જુદું. આજેજ મગાવો—

શેઠ દેવીદાસ કાનજી.
૧૧૭ બજારગેટસ્ટ્રીટ, કોટ, મુંબઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org